સૌથી જરૂરી વાત એ છે કે કિટનાશક દવાઓના ડબ્બા, પેકેટ કે બોટલ પર આપેલા માર્ગદર્શક ચિન્હો પર કાળજીપુર્વક ધ્યાન દેવુ. લાલ રંગ ધરાવતી દવા સૌથી વધારે ઝેરી હોય છે તે પછી પીળી, વાદળી અને લીલી હોય છે.




કોઈ પણ ખેડૂતે દવાના છંટકાવ ને લગતા નુકશાનથી બચવા ઉપરોક્ત જણાવેલ મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ. સાથે સાથે ખેતરના માલીકોને તેમના ખેતરમાં છંટકાવ કરતા ખેતમજૂરની નજીકના સરકારી દવાખાનામાં વર્ષમાં એકાદ વખત તપાસ કરાવતા રહેવુ જોઈએ.

કૃષિ વિસ્તરણ પ્રકાશન શ્રેણી : ૩-૧-૭૮ નકલ : ૨૦૦૦ કિંમત : વિના મુલ્યે



# કિટનાશક દવાઓના છંટકાવ સમયે રાખવાની કાળજીઓ

## (NICRA Project)



–: લેખક :–
શ્રીમતિ પી. એસ. જયસ્વાલ, ડો. એન. એસ. જોષી,
ડો. એમ. એલ. પટેલ, ડો. એચ. સી. છોડવડીયા, શ્રી પી. જે. પ્રજાપતિ,
ડો. વી. કે. કરંગીયા, ડો. પી. બી. મારવિયા

સિનિયર સાયન્ટીસ્ટ કમ હેડ
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
અમરેલી - ૩૬૫૬૦૧
ફોન - (૦૨૭૯૨) ૨૨૭૧૨૨
વર્ષ : ૨૦૧૭-૧૮

## કિટનાશક દવાઓના છંટકાવ સમયે રાખવાની કાળજીઓ

વિવિધ પાકોમાં અલગ અલગ સમયે આવતા કિટકોનો નાશ કરવા માટે વિવિધ દવાઓનો છંટકાવ કરવામાં આવે છે. કિટનાશકોના છંટકાવ દરમ્યાન જો યોગ્ય કાળજી ન રાખવામાં આવે તો ખેડુતોને વિવિધ સમસ્યાનો સામનો કરવો પડે છે. દવાઓના છંટકાવ દરમ્યાન સામાન્ય રીતે દવા ત્રણ પ્રકારે શરીરમાં પ્રવેશી શકે છે.

૧. દવાના છંટકાવ કરતા સમયે શરીરની ત્વચાના સંપર્કમાં આવતા.

૨. દવાના અત્યંત સુક્ષ્મકણો શ્વાસોચ્છવાસ દ્વારા.

૩. છંટકાવ કરતા સમયે તમ્બાકુ, બીડી, સીગરેટના સેવનથી.

ખેડુતમિત્રો ને કિટનાશકોના સુરક્ષિત ઉપયોગ કરવા માટે નીચે જણાવેલ સુચનોને ધ્યાનમાં રાખવા જોઇએ.

**ક) કિટનાશકોની ખરીદી સમયે રાખવાની કાળજીઓ**

૧. કિટનાશક દવાઓ પરવાનગી વાળા વિક્રેતા પાસેથી જ ખરીદવા.

૨. આપણા પાક અને ખેતરને જરૂરી હોય તેટલી જ દવાઓ ખરીદવી.

૩. અધુરા લેબલ, ઘટક તત્વો નો ઉલ્લેખ ન કરેલ તેમજ પેકિંગ પર લેબલ ના હોય તેવી દવાઓ ખરીદવી નહી.

**ખ) કિટનાશકોને સંગ્રહ કરવા સમયે રાખવાની કાળજીઓ**

૧. કિટનાશકોને સંગ્રહ કરવાની જગ્યા ઘરથી દુર રાખવી.

૨. કિટનાશકોને તેમના પેકેટમાં સંગ્રહ કરીને રાખવુ.

૩. કિટનાશકોને તેમના મુળ પેકેટમાંથી કાઢી અન્ય પેકિંગમાં ન મુકવુ.

૪. કિટનાશકોને અનાજ કે અન્ય ખાદ્યપાદાર્થો સાથે સંગ્રહ કરવુ જોઇએ નહી.



૫. જે જગ્યાએ કિટનાશકોને રાખ્યુ હોય તે જગ્યા એ નાના બાળકો કે પાળેલ જાનવરો ને જવા દેવા નહી.

૬. કિટનાશકો સુર્યપ્રકાશ કે વરસાદના પાણી ના સંપર્કમાં ના આવે તેની ખાસ કાળજી લેવી.

૭. કિટનાશકોને નીંદણનાશકોથી અલગ સંગ્રહ કરવુ જોઇએ.

**ગ) કિટનાશકોને એક જગ્યા થી બીજી જગ્યા એ હેરફેર કરતા સમયે રાખવાની કાળજીઓ**

૧. એક જગ્યાએથી બીજી જગ્યા એ લઇ જતા સમયે કિટનાશકોને અલગ રાખવા.

૨. કિટનાશકો સાથે કોઇપણ પ્રકારની ખાદ્યપદાર્થ લાવવુ કે લઇ જવુ નહી.

૩. કિટનાશકનો જથ્થો વધારે હોય તો તેને માથા પર કે ખભા કે પર પીઠ પર રાખી ને હેરફેર કરવી નહી.

**ઘ) કિટનાશકોના છંટકાવ માટે દ્રાવણ તૈયાર કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.**

૧. કિટનાશકોના છંટકાવ માટે દ્રાવણ તૈયાર કરવા સ્વચ્છ પાણીનો ઉપયોગ કરવો.

૨. આપણા મોઢા, નાક, ગળા હાથ તથા પગ દ્રાવણ ના સંપર્કમાં ન આવે તેની ખાસ કાળજી રાખવી.

૩. દ્રાવણ તૈયાર કરતી સમયે હાથમોજા, ઝભ્ભો, ચશ્મા, માસ્ક, ટોપી, બુટ વગેરેનો સુરક્ષા માટે ઉપયોગ કરવો.

૪. કિટનાશકોના પેકેટ પર આપવામાં આવેલ સુચનાઓ અને નિર્દેશો નો બરોબર અભ્યાસ કરવો અને સમજી લેવુ જોઇએ.

૫. જરૂર હોય તે અને તેટલુ જ દ્રાવણ તૈયાર કરવુ.

૬. દાણાદાર દવાઓને પાણીમાં ઓગાળવું નહી.

૭. કિટનાશકોનો ધુમાડો કે વાસ, શ્વાસમાં લેવો નહી.

૮. દ્રાવણ તૈયાર કરવા સમયે કે છંટકાવ કરતી વેળાએ તમાકુ નુ સેવન કે ધુમ્રપાન કરવુ ટાળવુ જોઇએ.



૯. મિશ્રણને પંપમાં ભરતા સમયે બહાર ન પડે તે માટે ગળણીનો ઉપયોગ કરવો જોઇએ.

૧૦. દ્રાવણને તૈયાર કરતા સમયે દ્રાવણ ફેરવતા સમયે હાથનો ઉપયોગ કરવા ને બદલે લાંબી લાકડી નો ઉપયોગ કરી શકાય.

૧૧. ૨૪ કલાકથી વધારે સમય માટે રાખેલ દ્રાવણનો છંટકાવ કરવા માટે ઉપયોગ કરવો નહી.

૧૨. કિટનાશકોના પાણીમાં દ્રાવણ તૈયાર કરવા માટે કંપની દ્વારા દર્શાવવામાં આવેલ પ્રમાણ મુજબ જ તૈયાર કરવુ.

**ચ) યોગ્ય સાધનની પસંદગીઃ**

૧. યોગ્ય કક્ષાના (BIS/ISI) સાધનનોજ ઉપયોગ કરવો.



૨. યોગ્ય સ્પ્રેયર અને નોઝલની પસંદગી કરવી.




૩. ખામીયુક્ત કે બિનપ્રમાણીત સ્પ્રેયર નો ઉપયોગ કરવો નહિ.

૪. છંટકાવ કરતા સમયે જો નોઝલમાં કચરો ફસાય તો મોઢાથી ફુક મારવાના બદલે જુના ટુથબ્રશ નો ઉપયોગ કરી સાફ કરવુ.

૫. કિટનાશકો અને નીંદણનાશકોના છંટકાવ માટે અલગ અલગ સ્પ્રેયરનો ઉપયોગ કરવો.

**છ) કિટનાશકોના છંટકાવ કરતી સમયે રાખવાની કાળજીઓ**

૧. છંટકાવ કરવા માટે તૈયાર થતા સમયે હાથમોજા, ઝભ્ભો, ચશ્મા, માસ્ક, ટોપી, બુટ વગેરે સુરક્ષા માટે પહેરવા.

૨. માત્ર ભલામણ કરેલ માત્રા અને દવાનો જ ઉપયોગ કરવો.

૩. છંટકાવ કરતી સમયે કંપની દ્વારા કિટનાશકના પેકિંગમાં સાથે આવેલ સુચના પત્રકમાં દર્શાવવામાં આવેલ સુચનાઓનુ મક્કમપણે પાલન કરવુ.

૪. પાકમાં દવાના છંટકાવ વહેલી સવારના સમયે અને પવન ન હોય ત્યારે કરવુ જોઇએ.

૫. જો પવન હોય તો પવનની દિશામાં મોઢુ રાખીને છંટકાવ કરવો જેથી ઓછામાં ઓછુ દવા શરીરના સંપર્કમાં આવશે.



૬. વરસાદ પહેલા કે વરસાદની સાથે કે તરત તેના પછી દવાનો છંટકાવ ટાળવો જોઇએ.

૭. દ્રાવણ તૈયાર કરવા માટે વપરાયેલ સાધનો જેમ કે ડોલ, ટબલર વગેરે બીજા અન્ય ઉપયોગમાં લેવા નહિ.

૮. છંટકાવ દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ કે જનાવર નજીક ના હોય તેની કાળજી રાખવી.

૯. છંટકાવ થયા પછી તરત તે ક્ષેત્રમાં કોઇ પણ વ્યક્તિ કે જનાવર ન જાય તેની કાળજી રાખવી. છતાં જો જવુ જ પડે તો સુરક્ષા સાધનો સાથે જવુ.

૧૦. શકય હોય ત્યાં સુધી ભુખ્યા પેટે છંટકાવ કરવા કરતા જમ્યા પછી છંટકાવ કરવો જોઇએ.





જ) છંટકાવ પુર્ણ થયા પછી કરવાના કાર્યઃ

૧. છંટકાવ પૂર્ણ થયા પછી વપરાશમાં લીધેલા બધા સાધનોને સ્વચ્છ પાણીથી સાફ કરવા.

૨. છંટકાવના સાધનોને નદી, નહેર, કુવા અથવા પીવાના પાણીના કોઇ પણ સ્ત્રોત માં કે નજીક માં સાફ કરવા નહિ. સાધનોને સ્વચ્છ કરતા જે પાણી નીકળે તેને જમીન માં જ શોષાવા દેવુ.

૩. કિટનાશકોની નકામી બોટલોનો નાશ કરવો.

૪. જમીન પર ઢોળાયેલા કિટનાશકને હાથથી લુછવાના બદલે ત્યાં માટી અથવા ગારો નાખી શોષાવા દેવુ અને પછી તેને જમીનમાં દાટી દેવુ.

૫. છંટકાવ પુર્ણ થયા પછી હાથ, પગ તથા મોઢુ સાબુથી સ્વચ્છ કરીને પછી જ ખાવુ પીવુ જોઇએ.



૬. જો જાણતા અજાણતા દવાના સંપર્કમાં કોઇ આવી જાય અને તેની અસર દેખાય તો તત્કાલીક ડોકટરની પાસે તપાસ કરાવવી અને જે દવાને લિધે થયુ હોય તેનો ડબ્બો, બોટલ કે પેકેટ ડોકટરને દેખાડવુ.